# 'કેન્દ્રના કરોડો રૂપિયા ગુજરાત સરકાર પ્રવેશોત્સવોમાં વેડફે છે'

## ■ પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના પદવીદાન સમારોહમાં કેન્દ્રીય મંત્રી ડૉ. તુષાર ચૌધરીનો આક્ષેપ

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, તા. ૨૪

ગુજરાતમાં એક સમયે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા એટલી ઉચ્ચ કક્ષાની હતી કે અંતરિયાળ ગામડાનો છોકરો પણ સરકારી શાળામાં ભણીને ડોક્ટર અને એન્જિનિયર બની શક્તો હતો. હું તેનો જીવતો જાગતો દાખલો છું પરંતુ જ્યારથી ગુજરાતના સાશનની ધૂરા ભાજપની સરકારે સંભાળી છે ત્યારથી ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા ઘટી છે અને ઘટી રહી છે. દેશમાં પાયાના સ્તરથી શિક્ષણને ઉચ્ચ સ્તરે લઈ જવા માટે કેન્દ્ર સરકાર રાજ્યોને કરોડો રૂપિયાની મદદ કરી રહી છે. પરંતુ ગુજરાત સરકાર પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ જેવા તુત ઉભા કરી આ નાણાંનો વ્યય કરી રહી છે તેમ આજે લીમડા સ્થિતિ પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાં યોજાયેલા પદવીદાન સમારંભમાં કેન્દ્ર સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રી (રાજ્યકક્ષાના) ડૉ.તુષાર ચૌધરીએ જણાવ્યું હતું.



પારૂલ ઇન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટમાં યોજાયેલા પદવીદાન સમારોહની તસવીર જ્યારે ઈન્સેટમાં કેન્દ્રીય મંત્રી ડો.તુષાર ચૌધરી સંબોધન કરતાં નજરે પડે છે. (જીગ્નેશ જોષી)

તેઓએ વાત આગળ વધારતા ઉમેર્યુ હતું કે, 'ગુજરાતમાં ભાજપની સરકાર આવી ત્યારથી શિક્ષિત લોકોનું શોષણ થઈ રહ્યું છે. આ સરકાર મહિને ૨૫૦૦ રૂપિયા ચૂકવી રહી છે. એટલે એક દિવસના ૮૩ રૂપિયા થયાં હવે જ્યારે એક મજૂર પણ દિવસના ૧૦૦ રૂપિયા કમાતો હોય તો પછી આ ત્રણ ત્રણ ડિગ્રી ધરાવનારા શિક્ષકોની ગણના ગુજરાત સરકાર સામા કરે છે ?'

દેશમાં અન્ય રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ અને વિજ્ઞાન પ્રવાહના પરિણામો સુધરી રહ્યા છે જેની સામે ગુજરાતમાં સાયન્સ પ્રવાહના પરિણામોમાં ઘટાડો થઈ રહ્યો છે.

પારૂલ ઈન્સ્ટિટ્યૂટ મેનેજમેન્ટના આજે યોજાયેલા પ્રથમ પદવીદાન સમારોહમાં સફળતા પ્રાપ્ત કરનારા ૬૦ વિદ્યાર્થીઓને ડૉ.તુષાર ચૌધરીના હસ્તે ડિગ્રી સર્ટિફિકેટ એનાયત કરાયા હતા. જ્યારે પ્રથમ અને દ્વિતિય ક્રમે આવેલા વિદ્યાર્થીઓ અનુક્રમે જીતેન્દ્ર પટોલિયા અને નિકુંજ પટેલને ગોલ્ડ અને સિલ્વર મેડલ એનાયત કરાયા હતા. આ પ્રસંગે પારૂલના ચેરમેન ડૉ.જયેશ પટેલ અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ.દેવાંશુ પટેલે હાજરી આપી હતી.